| GJJM010028632024<br>11202002241040 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૨૯/૦૭/૨૦૨૪ | | |
|---|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | : | ૨૯/૦૭/૨૦૨૪ | | |
| | | ફેસલ તારીખ | : | ૦૧/૦૬/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૧ | ૧૦ | ૧૩ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## ફોર્મ–એ

**જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ચુકાદા તારીખ:૦૧/૦૬/૨૦૨૬**
**સ્પે. (પોક્સો) કેસ નં. ૩૮/૨૦૨૪**
**આંક–૬૫**

(સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૨૨૪૧૦૪૦/૨૦૨૪)

| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
|---|---|
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી બી.વી.વાદી** |
| **આરોપી** | **સુરેશ ઉર્ફે સુરીયો ઉર્ફે દીપુ મગનભાઇ વાઘેલા,**<br>ઉ.વ.૨૫, ધંધો: મજૂરીકામ,<br>રે. વલ્લભનગર, વાલ્મીકી વાસ,<br>તા.જિ.જામનગર |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **આઇ.એચ.ગાગદાણી** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૬/૦૬/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૭/૦૬/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૬/૦૭/૨૦૨૪ |
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૧૦/૦૨/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆત | ૦૪/૦૪/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૬/૦૫/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | ૦૧/૦૬/૨૦૨૬ |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેશ ઉર્ફે સુરીયો ઉર્ફે દીપુ મગનભાઇ વાઘેલા | ૨૦/૦૬/૨૦૨૪ | -- | આઇ.પી.સી. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ–૪,૬ | દોષિત | હા | |

## ફોર્મ –સી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

## (એ) ફરિયાદપક્ષ તરફે :-

| નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | આ કામના ભોગબનનાર | ૧૧ |
| ૨. | ભોગ બનનારના માતા | ફરિયાદી | ૧૩ |
| ૩. | ડો.સમરા મોહમદઅમીન સૈયદ | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર | ૧૭ |
| ૪. | ડો.બિના નિખિલકુમાર દવે | ભોગ બનનારની શાળાના આચાર્ય | ૨૨ |
| ૫. | હસમુખભાઇ રતિલાલ પુરબીયા | રજીસ્ટ્રારશ્રી જન્મ–મરણ વિભાગ | ૨૯ |
| ૬. | પાર્થ જેઠાભાઇ મકવાણા | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૩ |
| ૭. | જોગેશ ઉકાભાઇ પરમાર | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૫ |
| ૮. | હમીર ધાનસુર નરા | | ૩૭ |
| ૯. | મુકેશ રામજીભાઇ રાજસુર | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૮ |
| ૧૦. | હનિફ હુશેનભાઇ મતીયા | | ૪૦ |
| ૧૧. | જશવંતકુમાર વેલજીભાઇ ચૌધરી | તપાસ કરનાર અમલદાર | ૪૧ |
| ૧૨. | પ્રદિપસિંહ ફતેસિંહ જાડેજા | ગુન્હો દાખલ કરનાર | ૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | નિલેશકુમાર પ્રતાપસિંહ જોશી | તપાસ કરનાર અમલદાર | ૫૮ |

## ફરિયાદપક્ષે અંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન | ૧૨ |
| ૨. | ફરિયાદ | ૧૪ |
| ૩. | ભોગ બનનારની મેડિકલ ચેકઅપ કરવાની યાદી | ૧૮ |
| ૪. | ભોગ બનનારનો કોન્ફિડેન્સિયલ રીપોર્ટ | ૧૯ |
| ૫. | ભોગ બનનારના સેમ્પલ કલેક્શન ફોર્મ | ૨૦ |
| ૬. | ભોગ બનનારના ઓ.પી.ડી. કેસ પેપર્સ | ૨૧ |
| ૭. | ભોગ બનનારની શાળાનો સામાન્ય વયપત્રક રજીસ્ટરના ઉતારાની ખરીનકલ | ૨૩ |
| ૮. | ભોગ બનનારની શાળાના આચાર્ય દ્વારા ભોગ બનનારની જન્મ તારીખ અંગે આપેલ પ્રમાણપત્ર | ૨૪ |
| ૯. | ભોગ બનનારના મેડિકલ સેમ્પલ તથા બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૨૫ |
| ૧૦. | આરોપીને અટક કર્યા અંગેનું પંચનામુ | ૨૬ |
| ૧૧. | આરોપીના મેડિકલ સેમ્પલ તથા બનાવ સમય પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૨૭ |
| ૧૨. | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૩૦ |
| ૧૩. | જન્મ–મરણ રજીસ્ટરની ખરીનકલ | ૩૧ |
| ૧૪. | ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૩૨ |
| ૧૫. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૩૪ |
| ૧૬. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૩૬ |
| ૧૭. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૩૯ |
| ૧૮. | જન્મ પ્રમાણપત્રની ખરાઇ કરવા અંગેની યાદી | ૪૨ |
| ૧૯. | ભોગ બનનારનું જન્મ પ્રમાણપ૦ ખરાઇ કર્યા અંગેનો પત્ર | ૪૩ |
| ૨૦. | ભોગ બનનારનું સારવાર સર્ટિફિકેટ મળવા અંગેની યાદી | ૪૪ |
| ૨૧. | આરોપીને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી | ૪૫ |
| ૨૨. | આરોપીની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૪૬ |
| ૨૩. | ભોગ બનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા અંગેની યાદી | ૪૭ |

| | | |
|---|---|---|
| ૨૪. | મુદ્દામાલ રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૪૮ |
| ૨૫. | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૪૯ |
| ૨૬. | મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૫૦ |
| ૨૭. | બાયોલોજી તથા સીરોલોજી વિભાગનો પૃથ્થકરણ અહેવાલ | ૫૧ |
| ૨૮. | એફ.આઇ.આર.માં કલમ ઉમેરો કરવા અંગેની યાદી | ૫૨ |
| ૨૯. | ગુન્હો રજીસ્ટર કરવા અંગેની યાદી | ૫૪ |



## -:: ચુ કા દો ::-

**નોંધ:-** આ ચુકાદામાં નામદાર ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંત મુજબ, ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો 'ભોગબનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૬/૬/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યે ફરિયાદીની સગીરવયની દીકરી ઉંમર ૧૬ વર્ષ ૧૧ માસવાળી ભોગ બનનારને અંધાશ્રમ આવાસ, જામનગર ખાતે આવેલ ફરિયાદીના રહેણાંક મકાનેથી લગ્ન કરવાની લાલચ, આપી ફરિયાદીના કારયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભોગ બનનારનું અપહરણ કે અપનયન કરી લઈ જઈ, તેણીની મરજી વિરુદ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી ગુન્હો કરતા આરોપી વિરુદ્ધ ફરિયાદ કરેલ.

**૨.** આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એમ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ મુજબની શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ જામનગર સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૦૬/૨૦૨૪ના રોજ ફરિયાદ નોંધાવતા સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૧૦૪૦/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ-

૩૬૩, ૩૬૬ મુજબનો ગુન્હો દાખલ થયેલ. સદર ફરિયાદ અનુસંધાને તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ અને ૬ અન્વયેનો ગુન્હો બનતો હોઇ, અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન),તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ અને ૬ અન્વયેના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા રજિસ્ટરે લઇ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૩૮/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

૩. આ કામના આરોપી મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઇઓનું પાલન કરેલ હોવાની ખાત્રી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક–૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એમ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ અને ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક–૮ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓ પોતાના વિરુદ્ધના ગુન્હાનો ઇન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

૪. આરોપી વિરુદ્ધ આંક–૭થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજૂ કરેલ ન હોઇ, આંક–૫૯થી ક્લોઝિંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ તેમાં જણાવેલ છે કે, આરોપીએ અમારા ખોટો કેસ કરેલ છે. અમોએ

કોઈ ગુન્હો કરેલ નથી. અમો નિર્દોષ છીએ જેથી છોડી મુકવા અરજ કરેલ છે.

**૫.** ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, ભોગ બનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં નિવેદનમાં જણાવેલ હકીકત જણાવેલ. તેમજ ફરિયાદી/ભોગ બનનારની માતાએ પોતાની ફરિયાદમાં જણાવેલ હકીકત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. આ કામના આરોપીએ ફરિયાદીની દિકરી સગીરવયની હોય તેવું જાણતા હોવા છતાં ફરિયાદીની સગીરવયની દિકરીનું ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી, લગ્ન કરવાની લાલચ આપી, ભગાડી લઈ જઈ, ભોગ બનનાર સાથે અવારનવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરી હકીકત ફરિયાદપક્ષના મેડિકલ પુરાવાથી સ્પષ્ટ થતી હોઈ, ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઇ, આરોપીને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**૬.** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીએ આંક-૬૦ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોએ સોગંદ ઉપરની જુબાનીમાં પોતાના નિવેદનથી તદ્દન વિરોધાભાસી હકીકત જણાવેલ છે. વધુમાં ફરિયાદીએ પોતાની આંક-૧૩ ની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી અને ભોગ બનનારને પ્રેમ સંબંધ હોવાનું જણાઇ આવે છે. ભોગ બનનારનું આંક-૧૨ થી રજૂ સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબના નિવેદન જોતાં તેમાં આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. ભોગ બનનારે પોતાની મરજીથી આરોપી સાથે શારીરિક બાંધેલ છે તેમ જણાવેલ છે. આરોપી અને ભોગ બનનાર લાલપુર મુકામ પતિ-પત્નિ તરીકે રહેતા હતા તેમજ જણાવેલ છે. તેમજ આંક-૧૭ થી ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટરશ્રીએ પોતાની સોગંદ

ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનાર પોતાની હિસ્ટ્રીમાં આરોપી સાથે પ્રેમ સંબંધ હોય અને બંનેએ ભાગી જવાનું નક્કી કરેલ અને તેઓ લાલપુર ગયેલા ત્યાં આઠ દિવસ રોકાયેલા. જ્યાં ભોગ બનનારે પોતાની મરજીથી શારીરિક સંબંધ બાંધેલાનું જણાવેલ. આમ, આરોપીએ કોઈ બળજબરીથી શારીરિક સંબંધ બાંધેલ હોય અને તેની પ્રતિક્રિયા ભોગ બનનારે કરેલ હોય તેવું ક્યાંય જણાઈ આવતુ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુન્હો નિ:શંપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, આ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપી ઉપર શંકા ઉદ્ભવે છે. પરંતુ શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહિ. આમ, આરોપી કહેવાતા બનાવમાં નિર્દોષ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૭.** આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે, સગીરવયની હતી?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૬/૬/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગ્યે ફરિયાદીની સગીરવયની દીકરી ઉંમર ૧૬ વર્ષ ૧૧ માસવાળી ભોગ બનનારને અંધાશ્રમ આવાસ, જામનગર ખાતે આવેલ ફરિયાદીના રહેણાંક મકાનેથી લગ્ન કરવાની લાલચ, આપી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભોગ બનનારનું અપહરણ

કે અપનયન કરી લઇ જઇ, તેણીની મરજી વિરુદ્ધ અવાર–નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ અને ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૩. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧– હકારમાં

મુદ્દાનં. ૨– હકારમાં

મુદ્દાનં. ૩– આખરી હુકમ મુજબ.

૯. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં. ૧</u> :–**

**૧૦.** હાલના કિસ્સામાં ફરિયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૧ મુજબ સગીર એટલે ૧૮ વર્ષથી ઓછી વયની કોઇ સ્ત્રી. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ કોઇપણ વ્યક્તિ જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય તે. સદર કાયદામાં જે ભોગ બનનાર છે તેની ઉંમર ખૂબ જ અગત્યની છે અને નામદાર સર્વોચ્ચ અદાલતના **જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરિયાણા**ના ચુકાદા મુજબ ભોગ બનનારની ઉંમરની ચકાસણી અંગે જુવેનાઇલ જસ્ટીશ એક્ટ મુજબની જોગવાઇઓ મુજબનો પુરાવો લઇ તેની પૂર્તતા કરી પુરવાર

કરી શકે. સદર ચુકાદાના સિદ્ધાંતો મુજબ જુવેનાઇલ જસ્ટીશ રુલ–૧૨ માં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર અંગેની ચકાસણી કરવી જોઇએ. સદર રુલ–૧૨ ની જોગવાઇઓને જુવેનાઇલ જસ્ટીશ (કેર એન્ડ પ્રોટેક્શન) એક્ટની કલમ–૯૪માં સમાવેશ કરવામાં આવેલ છે જેની જોગવાઇઓ નીચે મુજબ છે.

**Section 94 (2) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 reads as under:-**

94(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

ઉપરોક્ત જોગવાઇ મુજબ કોઇપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે સૌ પ્રથમ શાળામાંથી મેળવેલ જન્મ તારીખનો દાખલો, મેટ્રીક્યુલેશન સર્ટિફિકેટ અથવા કોઇપણ એક્ઝામિનેશને બોર્ડે આપેલ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય. જો ઉપરોક્ત દસ્તાવેજ ના હોય તો

કોઈપણ કોર્પોરેશન અથવા મ્યુનિસિપાલિટી અથવા પંચાયત તરફથી આપેલ જન્મનો દાખલો અથવા આ કોઈ દસ્તાવેજ ના હોય તો મેડિકલ એઈજ ડીટર્મીનેશન ટેસ્ટના આધારે ઉંમર નક્કી કરી શકાય.

**૧૦.૧** આ કામે ભોગ બનનારને સાહેદ નં.૧ આંક–૧૧ થી તપાસેલ છે. તેણીએ પોતાની જુબાનીમાં પોતાની જન્મ તારીખ ૧૧/૦૭/૨૦૦૭ હોવાનું જણાવેલ છે. તેમજ ભોગ બનનારની માતાને ફરિયાદપક્ષે સાહેદ નં.૨ આંક–૧૩ થી તપાસેલ છે. તેમણે પણ ભોગ બનનારની જન્મ તારીખ ૧૧/૦૭/૨૦૦૭ હોવાનું જણાવેલ છે.

**૧૦.૨** વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૨૨ થી ડો.બિના નિખિલકુમાર દવે કે જેઓ ભોગ બનનારની શાળાના આચાર્ય છે તેઓને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૨૩ થી શાળાનો સામાન્ય વય પત્રક રજીસ્ટરના ઉતારાની ખરીનકલ તથા આંક–૨૪ થી તેમના દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ છે. જે બંને દસ્તાવેજો જોતાં તેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૧૧/૦૭/૨૦૦૭ દર્શાવેલ છે.

**૧૦.3** વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૨૯ થી હસમુખભાઈ રતીલાલ પુરબીયા કે જેઓ જામનગર મહાનગર પાલિકાના સબરજીસ્ટ્રાર છે તેમને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૩૦ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર, આંક–૩૧ થી જન્મ રજીસ્ટરના ઉતારાની ખરીનકલ તથા આંક–૩૨ થી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. સદરહુ જન્મ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ તથા ભોગ બનનારના જન્મ પ્રમાણપત્ર બંને દસ્તાવેજોમાં ભોગ બનનારની જન્મ તારીખ ૧૧/૦૭/૨૦૦૭ જણાવેલ છે. આમ, આ સાહેદે પણ પોતાના પુરાવામાં ભોગ બનનારની જન્મ તારીખ ૧૧/૦૭/૨૦૦૭ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં ભોગ બનનારની

જન્મ તારીખ સંબંધે શંકા ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**૧૦.૪** આ તબક્કે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫ ધ્યાને લેવા પાત્ર બને છે.

*"**35. Relevancy of entry in public record made in performance of duty.**— An entry in any public or other official book, register or [record or an electronic record], stating a fact in issue or relevant fact, and made by a public servant in the discharge of his official duty, or by any other person in performance of a duty specially enjoined by the law of the country in which such book, register or [record or an electronic record], is kept, is itself a relevant fact."*

**૧૦.૫** આમ, ઉપરોક્ત રજૂ થયેલ તમામ દસ્તાવેજો વંચાણે લેતાં તથા તેને આનુસાંગિક મૌખિક પુરાવો જોતાં ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરી શક્યા છે કે, ભોગ બનનારની જન્મ તારીખ ૧૧/૦૭/૨૦૦૭ હોઇ અને ભોગ બનનાર બનાવ સમયે સગીરવયના એટલે કે, ઉંમર ૧૬ વર્ષ ૧૧ માસની ઉંમરના હતા. જેથી મુદ્દા નં.૧નો જવાબ '**હકાર**'માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :–**

**૧૧.** આ કામમાં ફરિયાદપક્ષના આક્ષેપિત બનાવ અંગેની સાચી અને ખરી હકીકતોનો સૌથી સારો પુરાવો ફક્ત ભોગ બનનાર જ આપી શકે. આ હકીકતના સંદર્ભમાં ભોગ બનનારને સાહેદ નં.૧ આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે. તેણીની જુબાનીમાં આંક–૧૨ થી સી.આર.પી.સી.કલમ–૧૬૪નું નિવેદન રજૂ છે. ભોગ બનનારના જણાવ્યા મુજબ સને ૨૦૨૩ માં જ્યારે તેણી સ્કુલે જતી ત્યારે આરોપી તેની પાછળ–પાછળ આંટા મારતો અને તેણીની પોતાની

સાથે ફ્રેન્ડશીપ કરવા કહેતો. ત્યારબાદ તેણીની ધોરણ–૧૦ની પરીક્ષા પૂરી થતાં તેણી તેના મમ્મી સાથે કારખાનામાં કામે જતી ત્યારે પણ આરોપી પાછળ–પાછળ આંટા મારતો અને કારખાને આવતો. આરોપીએ તેણીને એક વખત ધરારથી વિશ્વાસમાં લઇને શંકરટેકરી એક રુમ ભાડે રાખીને રહેતા ત્યાં લઈ ગયેલ અને કહેલ કે, હું તને દુ:ખી નહીં કરુ તને ખુશ રાખીશ અને લગ્ન કરીશ. ત્યારબાદ એક વખત તેણીના ઘર પાસે આવેલ એમ્યુઝમેન્ટ પાર્ક પાસે આવેલ અને ત્યાંથી તેણીને ખીરી ગામે માતાજીના મંદિરે દર્શન કરવા લઈ ગયેલ. એક દિવસ તેણી તથા તેણીના મમ્મી કારખાનેથી પરત આવતા હતા ત્યારે તેણીને ભૂખ લાગતા તેણી દુકાને ગયેલ તો આરોપી દૂધની ડેરી પાસે આવેલ અને તેણીને કહેલ કે, મારે તને લઈ જવી છે અને તારી સાથે લગ્ન કરી લઇશ તુ મારી સાથે ચાલ. જેથી તેણીએ ના પાડેલ. જેથી આરોપીએ તેણીની સાથે મીઠી મીઠી વાતો કરી જણાવેલ કે, રાત્રે અથવા કાલે પાછા આવી જશુ તેવી રીતે વિશ્વાસમાં લીધેલ અને આરોપીએ તેણીને મોટર સાયકલમાં બેસાડીને ખંભાળીયા અને ત્યાંથી લાલપુર પોતાના મોટા ભાઇના ઘરે લઈ ગયેલ. ત્યાં તેણીની સાથે બળજબરીથી ફોર્સફૂલ સંબંધ બાંધેલો. ત્યારબાદ આરોપીને તેના મિત્ર દ્વારા જાણ થયેલ કે, તેની સામે ભોગ બનનારને ભગાડી ગયેલ છે તે અંગેનો કેસ થયેલ છે. જેથી તેઓ રાતોરાત રાજકોટ ગયેલા અને ત્યાં બસ સ્ટેશનમાં તેણીને મુકી જતા રહેલ. ભોગ બનનાર સવારે સાત વાગ્યા સુધી આરોપીની રાહ જોયેલ પણ તે આવેલ નથી. જેથી ભોગ બનનાર લાલપુરની બસમાં આરોપીના ભાઇના ઘરે ગયેલ અને ત્યાં વાત કરેલ. તે રાત્રે આરોપીનો ફોન આવેલ અને આરોપીના ભાઇએ જણાવેલ કે, છોકરી કયાં છે ? તો આરોપીએ જણાવેલ કે, છોકરીને હું તેના મમ્મીના ઘરે મુકી આવેલ છું તેમ જણાવેલ. ત્યારબાદ સવારે આરોપી ત્યાં આવેલ ત્યારે તેણીએ પુછેલ તો આરોપીએ તેણીની ઉપર હાથ ઉપાડેલ.આરોપીના ભાભીએ તેણીને જણાવેલ કે, આ સુરેશને ઘણી છોકરીઓ સાથે સંબંધ છે. તું

કેટલામી છો તે નક્કી નથી. તારો નવમો દસમો નંબર હશે. ત્યારબાદ તેણી જામનગર તેના ઘરે આવતી રહેલ. બનાવ સંબંધે તેણીની માતાએ પોલીસમાં ફરિયાદ લખાવેલ. પોલીસે બનાવ બાબતે નિવેદન લીધેલુ. ત્યારબાદ મેડિકલ તપાસણી કરાવવા સરકારી હોસ્પિટલે લઇ ગયેલા. ત્યારબાદ જે-જે જગ્યાએ તેણીની સાથે શરીર સંબંધ બાંધવામાં આવેલ તે જગ્યા ભોગ બનનારે પોલીસને બતાવેલ હતી. ત્યારબાદ પોલીસ તેણીને કોર્ટમાં લાવેલા ત્યાં જજ સાહેબ સમક્ષ તેણીએ બનાવની હકીકત લખાવેલી. ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ મુદ્દામાલ કપડા તથા આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

**૧૧.૧** ભોગ બનનારની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં ભોગ બનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હતો. ભોગ બનનારે જણાવેલ છે કે, આરોપી તેણીને ફોસલાવીને લઇ ગયેલ હતો. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ઘરની આજુબાજુ ઘણી બધી દુકાનો તથા રહેણાકના મકાન આવેલા છે. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મેડિકલ ઓફીસર રુબરુ લખાવેલ હકીકતો તેણીએ સ્વેચ્છાએ અને કોઇપણ દબાણ વગર લખાવેલી. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લાલપુર મુકામે તેઓ પતિ-પત્નિ તરીકે રહેતા હતા. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેના પોલીસ રુબરુના નિવેદનમાં "ફોર્સફુલી" શબ્દ લખાવેલ નથી.

**૧૧.૨** આમ, ઉપરોક્ત ભોગ બનનારનો પુરાવો જોતાં એવું સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, ભોગ બનનાર કે જે સગીર વયની હતી તેને આરોપી તેણીની મરજી વિરુદ્ધ લઈ ગયેલ અને તેણીની સંમતિ ન હોવા તેમ છતાં શરીર સંબંધ બાંધેલ. ભોગ બનનારની જુબાનીમાં આંક-૧૧ થી બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ નું નિવેદન રજૂ

થયેલ છે પરંતુ બચાવપક્ષે તે નિવેદન તરફ ભોગ બનનારનું ધ્યાન દોરી કોઈ પ્રશ્ન પુછેલ નથી. દલીલ ખાતર માની લેવામાં આવે કે, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હતો અને એકબીજાની સંમતિથી શરીર સબંધ બાંધેલા તો પણ ભોગ બનનાર જ્યારે સગીર હોય ત્યારે તેણીની સંમતિ ધ્યાને લેવાની રહેતી નથી.

**૧૨.** ફરિયાદપક્ષે સાહેદ નં.૨ આંક–૧૩ થી ભોગ બનનારની માતા કે જે આ કામના ફરિયાદી છે તેમને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૧૪ થી ફરિયાદ રજૂ છે. તેમના પુરાવા મુજબ બનાવ વખતે તેણી તથા તેમની ભોગ બનનાર દીકરી બંને ઘરે હતા અને ભોગ બનનારને ભુખ લાગતા, મને ભુખ લાગી છે. હું ભાગ લેવા જાવ છું તેમ કહીને ગયેલ. ત્યારબાદ ભોગ બનનારની રાહ જોતા તેણી આવેલ નહિ તેથી તેઓએ આડોશ–પાડોશ તથા બાજુની દુકાનમાં શોધવા ગયેલ તેમ છતાં મળી આવેલ નહિ. તેમની પાડોશમાં રહેતા લાલો તેમના ઘરે આવેલ અને તેણે જણાવેલ કે, મારી ગાડી લઈને સુરીયો ઉર્ફે સુરેશ ગયેલ છે અને તેમને શંકા છે કે, ભોગ બનનાર દીકરીને લઈ ગયેલ. ત્યારબાદ આરોપીના ઘરે જઈને જોયેલ તો ઘરે તાળું મારેલ હતુ. ત્યારબાદ તેઓએ પોલીસમાં ફરિયાદ નોંધાવેલી.

**૧૨.૧** ફરિયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટપાસ જોતાં ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તા.૬/૬/૨૦૨૪ ના રોજ બનેલ અને તેની ફરિયાદ તા.૧૭/૦૬/૨૦૨૪ ના રોજ નોંધાવેલ. ફરિયાદ મોડી દાખલ કરવા અંગેનું કોઈ કારણ ફરિયાદમાં લખાવેલ નથી. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ફરિયાદી અને તેમની ભોગ બનનાર દીકરી એકલા હતા અને તેમની દીકરીને ભૂખ લાગી છે નાસ્તો લેવા જવુ છું તેમ કહીને નીકળી ગયેલ. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની દીકરી નાસ્તો લેવા ગયેલા ત્યાં આજુબાજુ ઘણી બધી દુકાનો અને રહેણાંક મકાનો આવેલ છે.

ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, "હું આડોશ પાડોશ તથા બાજુમાં દુકાનોમાં શોધવા માટે ગયેલી તેમ છતાં મળી આવેલ નહિ. જેથી મેં મારા ભાઈને જણાવેલ કે, ભોગ બનનાર નથી. તે પણ અમારી સાથે ભોગ બનનારની તપાસ કરવા આવેલા." ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, "લાલાએ જણાવેલ કે, મેં તેનું ઘર જોયેલ છે તેથી અમે આ સુરેશ ઉર્ફે સુર્યાના ઘરે ગયેલ. ત્યાં જોઈને જોયેલ તો સુરેશના ઘરે તાળા મારેલ હતા." ફરિયાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની દીકરીને આરોપી સાથે પ્રેમસંબંધ હોય તેની મરજીથી ભાગી ગયેલ. ફરિયાદીએ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓને તેમની દીકરી તથા આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોય હોય જે પસંદ ન હોય જેથી ફરિયાદ કરેલી.

**૧૩.** ફરિયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૧૭ થી ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડો.સમરા મોહમદઅમીન સૈયદને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૧૮ થી ૨૧ સુધીના દસ્તાવેજો રજૂ છે. તેમના પુરાવા મુજબ તા.૧૭/૦૬/૨૦૨૪ ના રોજ તેઓ જામનગર જી.જી.હોસ્પિટલ ખાતે મેડિકલ ઓફીસર તરીકે ફરજ પર હતા દરમિયાન ભોગ બનનારને એમ.એલ.સી.નં.૫૫૪૮/૨૦૨૪ થી મહીલા કોન્સ્ટેબલ પોલીસ યાદી સાથે મેડિકલ તપાસણી માટે લઈ આવેલ. તેમની સમક્ષ ભોગ બનનારને લાવેલ ત્યારે તેની સ્થિતિ નોર્મલ હતી અને કપડા બદલી લીધેલ હતા તથા નાહી લીધેલ હતુ. ભોગ બનનારે તેમની સમક્ષ બનાવ અંગેની હિસ્ટ્રીમાં જણાવેલ કે, ભોગ બનનાર અને આરોપી દોઢ વર્ષ પહેલા રસ્તામાં મળ્યા હતા અને આરોપીએ ફ્રેન્ડ રીક્વેસ્ટ કરી અને બંને ફોન પર વાતચીત કરતા અને પ્રેમ સંબંધમાં હતા. ત્યારબાદ બંનેએ ભાગી જવાનું નક્કી કરેલ. તા.૬/૬/૨૦૨૪ ના રોજ તેઓ રાત્રીના ૮:૪૫ વાગ્યે આરોપીના બાઈકમાં જામનગર થી લાલપુર ગયેલ. ત્યાં આરોપીના સગાના ઘરે

આઠ દિવસ રોકાયેલ. ત્યાં અવાર નવાર ભોગ બનનારની મરજીથી કોઈ ગર્ભ નિરોધક સાધનો વાપર્યા વગર શારીરિક સંબંધ બાંધેલ હતા. તે પછી લાલપુર થી ભાટીયા ગયેલા ત્યાં પણ અવાર નવાર ભોગ બનનારની મરજીથી શારીરિક સંબંધ બાંધેલા હતા. તેમજ ભોગ બનનારની શારીરિક તપાસણી કરતાં બાહ્ય ભાગે ઈજાના કોઈ નિશાનો જોવા મળેલા નહિ. ભોગ બનનારના ગુપ્ત ભાગે તપાસ કરતાં ત્યાં કોઈ ઈજાના નિશાન જોવા મળેલા નહિ. તેઓએ ભોગ બનનારની મેડિકલ તપાસણી કરી જરુરી નમુના લઈ સીલબંધ હાલતમાં પોલીસને સોંપી આપેલ. તેમના અભિપ્રાય મુજબ ભોગબનનાર સાથે શારીરિક સંબંધ બાંધ્યા અંગેની શક્યતા નકારી શકાય નહીં.

**૧૩.૧** બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટપાસ જોતાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને મળેલ યાદીમાં બનાવ અંગેની ટૂંકી માહિતી આપેલ હતી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની પાસે ભોગ બનનારને લાવેલ ત્યારે તેના વાયટલ્સ નોર્મલ હતા અને સંપૂર્ણ ભાનમાં હતી અને ગભરાયેલ ન હતી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારના કોઈપણ ભાગ ઉપર ઈજાના નિશાન જોવા મળેલા નહિ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ક્લિનિકલી એકઝામિનેશન દરમિયાન પણ ભોગ બનનાર સાથે બળજબરી થયેલ હોય તેવું જોવા મળેલ નહિ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની રુબરુની હિસ્ટ્રીમાં તેની સાથે બળજબરીપૂર્વક શરીર સંબંધ બંધાયા હોય તેવું જણાવેલ નહિ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે તેની મરજી અને રાજીખુશીથી હિસ્ટ્રી આપેલી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની હિસ્ટ્રી સિવાય ક્લિનિકલી શરીર સંબંધ બંધાયા હોવાના કોઈ લક્ષણો જણાઈ આવેલ નહિ.

**૧૪.** ફરિયાદપક્ષે સાહેદ નં.૬ પાર્થ જેઠાભાઈ મકવાણાને આંક–૩૩ થી

સોગંદ ઉપર તપાસેલ છે જેઓ આંક–૩૪ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચનાનામાં પંચ સાહેદ છે. તેમજ આંક–૩૫ થી સાહેદ નં.૭ તરીકે જોગેશ ઉકાભાઈ પરમાર તથા આંક–૩૭ થી સાહેદ નં.૮ તરીકે સાહેદ હમીર ધાનસુર નરાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમજ આંક–૩૮ થી સાહેદ નં.૯ તરીકે સાહેદ મુકેશભાઈ રામજીભાઈ રાજસુરને તથા આંક–૪૦ થી સાહેદ નં.૧૦ તરીકે હનિફભાઈ હુશેનભાઈ મતીયાને સોંગદ ઉપર તપાસેલ છે. જેઓ આંક–૩૬ તથા આંક–૩૯ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. આ તમામ પંચ સાહેદોએ ફરિયાદપક્ષના પુરાવા દરમિયાન પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરિયાદપક્ષે તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ.

**૧૫.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક-૪૧ થી તપાસ કરનાર અમલદાર જશવંતકુમાર વેલજીભાઈ ચૌધરીને સોગંદ ઉપર તપાસેલા છે. તેમના પુરાવામાં આંક-૪૨ થી ૫૨ સુધીના કાગળો રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૪ માં તેઓ સિટી 'સી' ડિવિઝન પો.સ્ટે.,જામનગર ખાતે પી.આઈ તરીકે ફરજ પર હતા. દરમિયાન તેઓના પો.સ્ટે.ના ફ.ગુ.રજી.નં.૧૦૪૦/૨૦૨૪, આઈ.પી.સી.કલમ–૩૬૩, ૩૬૬ મુજબના ગુન્હાની તપાસ તેમને મળતા કેસ કાગળોથી વાકેફ થઈ તપાસ સંભાળી લીધેલી. જેની સાથે તેમને ભોગ બનનારનું નિવેદન મળેલ જે વંચાણે લેતાં ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪ અને ૬ નો ગુન્હો બનતો હોય સદર કામે નામ.કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ. ત્યારબાદ આરોપીને અટક કરેલ તથા ભોગ બનનાર સાથે શરીર સંભોગ કરેલ હોય બનાવવાળી જગ્યાના પંચો રુબરુ પંચનામુ કરેલ, આરોપીની મેડિકલ તપાસણી કરેલ તથા ભોગ બનનાર અને આરોપીના મેડિકલ સેમ્પલો હોસ્પિટલેથી આવી જતા પંચનામાની વિગતે કબજે કરી એફ.એસ.એલ. માટે મોકલી આપેલા. સદર કામે પુરતા પુરાવા મળી

આવતા આરોપી વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ. તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

**૧૫.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંધાશ્રમ આવાસ પાસે બનેલો. જ્યાં ઘણા મકાનો આવેલા છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ મુજબ ભોગ બનનાર નાસ્તો લેવા જાઉ છું તેમ કહીને નીકળી ગયેલ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની તપાસ દરમિયાન જણાઇ આવેલ કે, આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ હતો અને બંને સ્વેચ્છાએ નીકળી ગયેલ.

**૧૬.** ફરિયાદપક્ષે આંક–૫૩ થી સાહેદ નં.૧૨ તરીકે પ્રદિપસિંહ ફતેસિંહ જાડેજાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૪માં તેઓ સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતો દરમિયાન સિટી 'સી' ડિવિઝન પો.સ્ટે.નાં પી.એસ.આઇ. એન.પી.જોશીએ તેઓ દ્વારા લીધેલી એક ફરિયાદ યાદી સાથે તેમના પો.સ્ટે.માં આવતા તેઓએ આ ફરિયાદ ફ.ગુ.રજી.નં.૧૦૪૦/૨૦૨૪, આઇ.પી.સી.કલમ–૩૬૩, ૩૬૬ મુજબ ગુન્હો નોંધેલ હતો. ત્યારબાદ આ ગુન્હાની તપાસ તેઓના પો.સ્ટે.નાં પી.એસ.આઇ.શ્રી એન.પી.જોશી સાહેબને સોંપી આપેલ હતી. ત્યારબાદ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતો સ્વીકાર કરેલો છે કે, બનાવ બાબતે તેમને કોઇ જાત માહિતી નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ફક્ત ગુન્હો દાખલ કરેલ તે સિવાય કોઇ કાર્યવાહી તેઓએ કરેલ નથી.

**૧૭.** ફરિયાદપક્ષે આંક–૫૮ થી સાહેદ નં.૧૩ તરીકે અન્ય તપાસ કરનાર અમલદાર નિલેશકુમાર પ્રતાપસિંહ જોશીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૪માં જામનગર ખાતે સિટી 'સી' પો.સ્ટે.માં પી.એસ.આઈ તરીકે ફરજ પર હતા. દરમિયાન તેઓના

પો.સ્ટે.ના ફર્સ્ટ ગુના રજી. નં.૦૧૦૪૦/૨૦૨૪, આઇ.પી.સી.કલમ–૩૬૩, ૩૬૬ મુજબના ગુન્હાની ફરિયાદ તેઓએ જાતે લીધેલ હતી. જે ફરિયાદ પી.એસ.ઓ.ને ગુન્હો દાખલ થવા માટે મોકલી આપેલ અને સદરહુ ફરિયાદના આધારે ગુન્હો નોંધી તેઓએ આગળની તપાસ સંભાળેલ હતી.આ કામે તેઓની આગળની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના તેમના રુબરુના નિવેદન લીધેલ હતા. આ કામે ભોગ બનનારનું નિવેદન લીધેલ. તેમજ આ કામે તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ ભોગ બનનારના કપડા તથા મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ કરેલ. ત્યારબાદ આગળની તપાસ પી.આઈ. જે.વી.ચૌધરીને સુપરત કરેલી.

**૧૭.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ભોગ બનનારનું એક જ નિવેદન લીધેલ છે. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદને અનુરુપ સાહેદોના નિવેદ પોતાની રીતે લખી લીધેલ. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ કામના તમામ પંચનામાઓ પોતાની રીતે તૈયાર કરી તૈયાર પંચનામામાં પંચોની સહી લઇ લીધેલ.

**૧૮.** વધુમાં બચાવપક્ષ દ્વારા આંક–૨૫ થી ૨૭ વાળા પંચનામા જે અનુક્રમે ભોગ બનનારના મેડિકલ સેમ્પલો તથા બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ, આરોપીને અટક કર્યા અંગેનું પંચનામુ, તથા આરોપીના મેડિકલ સેમ્પલ અને આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા ગુન્હામાં ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાઓ છે. જે પંચનામાઓ બચાવપક્ષ દ્વારા કબુલ કરતા હોય સદરહુ પંચનામાના પંચ સાહેદોને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ નથી.

**૧૯.** આ કામે આરોપીના વિદ્વાન વકીલશ્રી તરફે આંક–૬૩ થી રજૂ

કરવામાં આવેલ વિશેષ લેખિત દલીલ સાથે આંક-૬૪ ના લિસ્ટથી ભોગ બનનારની માતાએ અન્ય આરોપી નામે સંજય ભીમજી મકવાણા વિરુદ્ધ પોક્સો એક્ટ અન્વયે કરેલ ફરિયાદ, તેનું ચાર્જશીટ તથા તે અન્વયે નોંધાયેલ પોકસો કેસ નં.૭/૨૦૨૫ ના કામે અત્રેની અદાલતે આપેલ ચુકાદો રજૂ કરેલ છે. અને તે આધારે રજૂઆત કરતાં જણાવેલ છે કે, ફરિયાદી તથા ભોગ બનનાર અવાર-નવાર પોકસો એક્ટ અન્વયેની ફરિયાદ કરવાની ટેવવાળા છે. અગાઉ પણ ભોગ બનનાર અને તેમની માતા તરફે અન્ય એક આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ અન્વયેની ફરિયાદ કરેલ. જે કેસ ચાલી જતાં આ અદાલતે તે આરોપીને તકસીરવાન ઠરાવેલ. જે સંબંધે નોંધવુ અનિવાર્ય છે કે, આરોપીના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉપરોક્ત કથનો સંબંધે ભોગ બનનાર કે ભોગ બનનારની માતાને કોઇ પ્રશ્નો પુછેલ નથી. તેમજ આરોપીના વધારાના નિવેદનમાં પણ આ સંબંધે આરોપીએ કાંઇ જણાવેલ નથી. તેમ છતાં અદાલત દ્વારા ઉપરોક્ત હકીકતોની જ્યુડિશિયલ નોંધ લેવામાં આવે તો પણ તે કેસનો બનાવ નવેમ્બર-૨૦૨૪ ના અરસામાં બનેલો. જ્યારે હાલના કેસનો બનાવ તે અગાઉ તા.૬/૬/૨૦૨૪ ના રોજ બનેલો. આમ, ભોગ બનનાર અને તેમની માતા તરફે ભોગ બનનાર સાથે હાલના બનાવ બાદ બનેલ બનાવ સંબંધે પોક્સોની અન્ય ફરિયાદ આપેલ હોવા માત્રથી ફરિયાદપક્ષનો સમગ્ર કેસ શંકાસ્પદ બની જતો નથી. ખાસ કરીને જ્યારે તેવા કેસની હકીકતો આરોપીપક્ષ દ્વારા ભોગ બનનાર તથા તેમના માતા સમક્ષ મુકવામાં આવેલ ન હોય, ત્યારે આરોપીપક્ષને તેવો કોઇ લાભ મળવાપાત્ર રહેતો નથી.

**૨૦.** આમ, ઉપરોક્ત તમામ પુરાવાના ચર્ચાના અંતે ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ છે કે, આરોપી ભોગ બનનાર સગીર વયના હતા તે જાણતા હોવા છતાં તેણીને લગ્ન કરવાની લાલચ આપી, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ

જઇ તેણીની સાથે અવાર નવાર તેણીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કરેલ. તદ્ઉપરાંત જ્યારે ફરિયાદપક્ષ પોતાનો પાયાનો કેસ તમામ શંકાથી પર રહીને સાહિત કરી શકેલ હોય ત્યારે આરોપી વિરુદ્ધ પોકસો એક્ટની કલમ–૨૯ મુજબ અનુમાન કરવાનું પણ રહે છે. તેથી મુદ્દા નંબર–૨ નો જવાબમાં '**હકાર**'માં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

**૧.** આ કામના આરોપી સુરેશ ઉર્ફે સુરીયો ઉર્ફે દિપુ મગનભાઇ વાઘેલા, ઉ.વ.૨૫,રે. વલ્લભનગર, વાલ્મીકી વાસ, તા.જિ.જામનગર નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ની કલમ–૪ અને ૬ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨.** આ કામ સજા અંગે આરોપીને સાંભળવા માટે રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૧લી, માહે જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર

**(રોબિન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539

## સજા અંગે સાંભળ્યા બાદનો હુકમ

**૨૧.** આરોપીને સજા બાબતે પૂછતા તેઓ પોતે જણાવે છે કે, તેઓએ કોઇ ગુન્હો કરેલ નથી.

આરોપી તર્ફે વિદ્ધાન વકીલશ્રી આઇ.એચ.ગાગદાણી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. તેમજ આરોપી પર તેમના કુટુંબની જવાબદારી છે. જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**૨૨.** ફરિયાદપક્ષે સરકારી વકીલશ્રી બી.વી.વાદીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ એક ઘૃણાસ્પદ બાબત છે. પ્રોસીક્યુશને આરોપી વિરુદ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ છે ત્યારે સદર ગુનામાં આરોપીને મહત્તમ સજા અને દંડ કરવા અરજ છે અને બાળકની કારકિર્દી માટે વળતર ચૂકવવા પણ અરજ છે.

**૨૩.** ઉભય પક્ષકારોની રજૂઆત ધ્યાને લીધી. કેસની હકીકતો તથા સંજોગો ધ્યાને લીધા. આ કામે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોય, ભોગ બનનારનુ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાં અપહરણ કરી, ભગાડી લઈ જઇ, લગ્ન કરવાની લાલચ આપી, ભોગ બનનાર સાથે અવાર-નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લઇ આરોપીને યોગ્ય સજા કરવી ન્યાયીક જણાય છે.

**૨૪.** આ તબકકે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૪૨ ધ્યાને લેવી જરૂરી જણાય છે. જેની જોગવાઇ નીચે મુજબ છે.

***"42. Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 354D, 370, 370A, 375, 376, [376A,***

***376AB, 376B, 376C, 376D, 376DA, 376DB], [376E, section 509 of the Indian Penal Code (45 of 1860) or section 67 B of the Information Technology Act, 2000 (21 of 2000)], then, notwithstanding anything contained in any law for the time being in force, the offender found guilty of such offence shall be liable to punishment under this Act or under the Indian Penal Code as provides for punishment which is greater in degree."***

**૨૫.** હાલના કેસમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તેમજ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ તથા ૬ મુજબના ગુન્હા પુરવાર થયેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન)માં કરવામાં આવેલ સજા અંગેની જોગવાઇ ધ્યાને લઇએ તો તેમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની અને મહત્તમ આજીવન કેદની સખત કેદની સજાની જોગવાઇ છે. જેમાં આજીવન કેદની એટલે કે, આરોપીનું કુદરતી મૃત્યુ ન થાય ત્યાં સુધી ગણવાની જોગવાઇ છે અને દંડની જોગવાઇ છે, તેવી જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬ માં ૧૦ વર્ષ સુધીની સખત કેદની સજાની અને દંડની જોગવાઇ છે. તેવી જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ માં ૭ વર્ષ સુધીની સખત કેદની સજાની જોગવાઇ છે. જ્યારે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪(૧)માં કરવામાં આવેલ સજા અંગેની જોગવાઇ ધ્યાને લઇએ તો ઓછામાં ઓછી ૧૦ વર્ષની સખત કેદની અને દંડની જોગવાઇ છે. તેવી જ રીતે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૬માં ઓછામાં ઓછી ૨૦ વર્ષની અને મહત્તમ આજીવન કેદની સજા કે જેમાં આરોપીનું કુદરતી મૃત્યુ ન થાય ત્યાં સુધી ગણવાની જોગવાઇ છે. આમ, ઉપરોક્ત સજા અંગેની જોગવાઇઓ ધ્યાને લઇએ તો, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬

અને ૩૭૬(૨)(એન) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪માં એકસરખી સજાની જોગવાઇ કરવામાં આવેલ છે. જેથી જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪૨ ધ્યાને લેતાં આરોપીને ભારતીય ન્યાય સંહિતા અન્વયે અથવા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ અન્વયે બેમાંથી કોઇપણ એક જ કાયદા હેઠળ સજા કરવાની થાય છે. વધુમાં આ કામે આરોપી ઉપર જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ ૪ અને ૬ મુજબના ગુના પણ પુરવાર થયેલ છે. જેથી આ રીતે જોઇએ તો, આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ અન્વયેના ગુના સંદર્ભે સજા કરવાપાત્ર થાય છે અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળના ગુના સંદર્ભે અલગથી કોઇ સજા કરવાની થતી નથી.

**ભોગ બનનારને વળતર**

**૨૬.** હાલના કેસમાં ભોગ બનનાર બનાવ સમયે એક ૧૬ વર્ષ ૧૧ માસની નાની બાળકી હતી. ભોગ બનનારને આ બનાવ થકી શારીરિક અને માનસિક આઘાત તથા ઇજા પહોંચેલ હોય તે સ્વાભાવિક છે. ગુજરાત સરકારની વિક્ટિમ કમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ધ્યાને લેતા આ પ્રકારના કિસ્સામાં ભોગ બનનારને વળતર ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ભોગ બનનારની કુમળી વયની ઉંમરને ધ્યાને લેતા સદર વિકટીમ કમ્પેન્સેશન સ્કીમ અન્વયે જણાવવામાં આવેલ અને જોગવાઇ કરવામાં આવેલ રકમ મુજબ ભોગ બનનારને વળતર ચૂકવવાનું થાય છે. જે મુજબ રેપના કિસ્સામાં ભોગ બનનારને ઓછામાં ઓછી રકમ રૂપિયા ચાર લાખ અને મહત્તમ રૂપિયા સાત લાખ અને જો ભોગ બનનાર સગીર વયની હોય તો જોગવાઇ મુજબની રકમ કરતા ૫૦% રકમ વધારે આપવાની જોગવાઇ છે. હાલના કેસમાં ભોગ બનનાર ૧૭

વર્ષની નાની બાળકી છે અને ભોગ બનનાર વિરુદ્ધ આરોપીએ રેપ કર્યા અંગેનો ગુનો સાબિત થયેલ છે. જેથી ભોગ બનનારને ગુજરાત વિક્ટિમ કમ્પેન્સેશન સ્કીમ અન્વયે રુપિયા ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ) વળતર તરીકે ચૂકવવામાં આવે તો તે યોગ્ય જણાય છે.

**૨૭.** આરોપીને આ કેસમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## : આખરી હુકમ :

૧. આ કામના આરોપી સુરેશ ઉર્ફે સુરીયો ઉર્ફે દિપુ મગનભાઇ વાઘેલા, રહે. વલ્લભનગર, વાલ્મીકી વાસ, તા.જિ.જામનગર વાળાને સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૧૦૪૦/૨૦૨૪ ના કામે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૪ના ગુન્હા સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી આરોપી સુરેશ ઉર્ફે સુરીયો ઉર્ફે દિપુ મગનભાઇ વાઘેલા, રહે. વલ્લભનગર, વાલ્મીકી વાસ, તા.જિ.જામનગર વાળાને સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૧૦૪૦/૨૦૨૪ના કામે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૬ના ગુન્હા સબબ ૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

3. આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)

(એન) મુજબના ગુના અન્વયે અલગથી કોઇ સજા ફરમાવવામાં આવતી નથી.

૪. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૭ મુજબ આરોપીએ ઉપરોક્ત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

૫. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ની જોગવાઇ મુજબ આરોપીને ભોગવેલ સજા મજરે આપવી.

૬. આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ SUZUKI કંપનીનું AVENIS મોડલનું ગ્રે કલરનું મોટર સાયકલ કે જેના એન્જીન નં. AF–Z12749840 વાળુ અપીલ સમય બાદ માલીકીની ખરાઇ કર્યા બાદ ખરા માલીકને પરત કરવુ તથા અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવો અને જો અપીલ થાય તો અપીલ અદાલતના હુકમ મુજબ નિકાલ કરવો.

૭. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩ની જોગવાઇ અન્વયે આરોપીને આ ચુકાદાની નકલ વિનામૂલ્યે તાત્કાલિક આપવી.

૮. ગુજરાતની ભોગનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ના નિયમો તથા શેડ્યુલ અનુક્રમ નં. ૯ (૫) અનુસાર, આ કામના ભોગબનનારને **રૂા.૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પૂરા)** વળતર પેટે ચૂકવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, જામનગરને આથી હુકમ કરવામાં આવે છે.

૯. ગુજરાતની ભોગબનનારને વળતર માટેની યોજના, ૨૦૧૯ના નિયમ–૧૦ અનુસાર ચુકાદાની એક ખરી નકલ સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૧૦૪૦/૨૦૨૪ના તપાસ કરનાર અમલદાર તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરને જાણ સારુ તથા યોગ્ય તે કાર્યવાહી કરવા સારુ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**૧૦.** નામદાર ગુજરાત હાઈકોર્ટના સરક્યુલર નં. એ ૧૨૫૫/૨૦૨૬, તા.૨૯/૪/૨૦૨૬ મુજબ આ ચુકાદાની એક નકલ સરકારી વકીલશ્રી મારફત પોલીસ એજન્સી દ્વારા ભોગ બનનારને વિના મૂલ્યે પૂરી પાડી, નકલ મળ્યા અંગેની પહોંચ કોર્ટમાં રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૧.** ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીના નામનું સજા વોરંટ ઈસ્યુ કરવું.

આ હુકમ આજરોજ તા. ૦૧લી, માહે જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબિન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને
અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539